# વડોદરા મહાનગરપાલિકા

## www.vmc.gov.in

## ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં અગ્નિ શમન અને તાત્કાલિક સેવા વિભાગ માટે નીચે જણાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરતી કરવા માટે માત્ર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઈટ પર તા.૧૧-૦૯-૨૪ (૧૩.૦૦ કલાક) થી તા.૩૦-૦૯-૨૪ (૧૬.૫૯ કલાક) સુધીમાં ઓનલાઈન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | બિન અનામત | સા.શૈ.પ.વ | અ.જ.જા | અ.જા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ડીવીઝનલ ઓફીસર (ફાયર) | ૦૨ | ૦૨ | – | – | -- |
| ૨ | સ્ટેશન ઓફીસર (ફાયર) | ૦૨ | – | – | ૦૧ | ૦૧ |
| ૩ | સબ ઓફીસર (ફાયર) | ૦૯ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૧ |

(૧) કોઈપણ સંજોગોમાં ટપાલથી કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહીં. ફક્ત ઓનલાઈન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતીઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે. (૩) ઉમેદવારે નિયત થયેલ ફી તા.૩૦-૦૯-૨૦૨૪ સુધીમાં ઓનલાઈન ભરપાઈ કરવાની રહેશે. ફી વગરની અરજીઓ આપોઆપ નામંજુર ગણવામાં આવશે (૪) આ ભરતી પ્રક્રિયા બાબતે અરજીઓની સંખ્યા ધ્યાને લઈ જે તે જગ્યા ને અનુરૂપ સ્પર્ધાત્મક પરીક્ષા/ઈન્ટરવ્યુ વિગેરે અંગે કમિશનરશ્રી, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે. નોંધ:-(૧)ઉપરોક્ત જગ્યાઓ માટે સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭ઝ-૧, તા.૧૬-૦૨-૨૦૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી ભરવાપાત્ર હોઈ, અત્રેના સા.વ.વિ.પરિપત્ર અંક-૪૪/૧૯-૨૦ તા:૦૬-૦૨-૨૦ મુજબ ત્રણ વર્ષ સુધી માસિક ફિક્સ વેતનથી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણથી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે. (૨) ઉપરોક્ત જગ્યા પૈકી અનુક્રમ ૦૩ ની કુલ જગ્યાઓ પૈકી ૨૦% જગ્યા મહીલા ઉમેદવારો માટે અનામત રહેશે. મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા જે તે કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

પી.આર.ઓ.નંબર: ૪૭૧ /૨૪-૨૫ ડે. મ્યુનિ. કમિશનર(વ)